# કમિશનર શાળાઓની કચેરી

બીજો માળ, વિદ્યા સમીક્ષ કેન્દ્ર, પુનીત વનની સામે, સેકટર-૧૯, ગાંધીનગર

E-Mail Id: jointdirectors@gmail.com E-mail Id: ssmadhyamik3@gmail.com


વંચાણે લીધા :-

૧. ડાયરેક્ટર જનરલ, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી પત્ર ક્રમાંક: ગુજકોસ્ટ/NCSC/૨૦૨૬-૨૭/૨૪૦૮, તા. ૧૪/૦૭/૨૦૨૬

પરિપત્ર:-

ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર તથા નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ, ટેકનોલોજી એન્ડ કોમ્યુનિકેશન (NCSTC), વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે 32માં નેશનલ ચિલ્ડ્રંસ સાયન્સ કોંગ્રેસ (NCSC) ના જિલ્લા અને રાજ્ય સ્તરના કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે.

NCSC કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ પોતાના વિસ્તારની સ્થાનિક સમસ્યાઓનો અભ્યાસ કરીને વૈજ્ઞાનિક પદ્ધતિથી તેના ઉકેલો શોધે તે છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીને બાળ વૈજ્ઞાનિક (Child Scientist) તરીકે સંશોધન કરવાની તક મળે છે. તેનાથી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને સંશોધનાત્મક વૃત્તિનો વિકાસ થાય છે. આ પ્રોજેક્ટમાં ૬ થી ૧૨ ધોરણમાં ભણતા (૧૦-૧૭ વર્ષની વય જૂથના) વિદ્યાર્થીઓ ભાગ લે છે. પોતાના પ્રોજેક્ટ્સ પર રીસર્ચ કરીને ઈવેલ્યુએટર્સ (Evaluators) સામે પ્રેઝન્ટ કરે છે. તેમનાં માર્કિંગ અને કાર્યક્રમની ગાઈડલાઈન મુજબ વિદ્યાર્થીઓ જિલ્લાથી રાજ્ય કક્ષાએ અને રાજ્યકક્ષાથી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામે છે.

NCSC કાર્યક્રમની આ વર્ષની થીમ -"Science and Innovation for Sustainability" છે. જેમાં પાંચ પેટા થીમ (Sub-theme) આ પ્રમાણે છે : 1) R5 for Waste Management (Reduce, Reuse, Retrieve, Redesign & Recycle), 2) E4 for Energy: Explore, Experiment, Enhance & Evolve, 3) Water: Harvesting, Harnessing, Recycling & Conservation, 4) Food, Agriculture & Health અને 5) Application of Indian Knowledge Systems for Sustainability.

આ વર્ષથી NCSTC ના પોર્ટલ (www.n-csc.in) પર બાળ વૈજ્ઞાનિકો તથા ગાઈડ ટીચર્સનું ઓનલાઇન માધ્યમથી રજીસ્ટ્રેશન કરાવવાની જોગવાઈ કરેલ છે. રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૨૬ છે.

આમ, ઉક્ત કાર્યક્રમાં આપના જિલ્લાના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ વધુમાં વધુ ભાગ લે તેમજ વિદ્યાર્થીઓ આ NCSC સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરે તે માટેના જરૂરી પ્રયત્નો કરવા જણાવવામાં આવે છે.

**નોંધ પર મળેલ સંયુક્ત નિયામકશ્રી(માધ્યમિક)ના આદેશાનુસાર.**

E-Sign

નાયબ શિક્ષણ નિયામક

માધ્યમિક

ગુ.રા., ગાંધીનગર

8.3 નાયબ ... તમામ શાળાઓને ...

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 2378
તારીખ 23/7/26
સહી ...
કચેરીની સહી ...

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ

નકલ રવાના જાણ સારૂ :-

Signature Not Verified
Signed by : SanjayKumar Patel
Deputy Director
Commissionerate of Schools
Date : 2026.07.22 18:13:50 IST

File No: COS/SEC/e-file/276/2026/2370/SECONDARY

Approved By: Deputy Director,SECONDARY,COS

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- ડાયરેક્ટર જનરલશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક- બી, ૭મો માળ, બહુમાળી ભવન, સેકટર-૧૧, ગાંધીનગર: ૩૮૨૦૧૧

ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/ ૮૦૭૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
૦૪/૦૧/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા